# અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખપદે લાલસિંહ ચૌહાણ

## કોંગ્રેસના ઉમેદવારનો પરાજ્ય, ભિલોડા તાલુકાને બીજા જિલ્લા પંચાયત પ્રમુખ મળ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ અરવલ્લી જિલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાયા પછી બુધવારે અધ્યાસી ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં પ્રમુખ-ઉપપ્રમુખ માટે ચૂંટણી યોજાતાં ભાજપના લાલસિંહ હિંમતસિંહ ચૌહાણ અને ઉપપ્રમુખ કનુભાઈ બદાભાઈ મણાતનો ભવ્ય વિજય થયો હતો. ભિલોડા તાલુકાને કોંગ્રેસ પછી ભાજપે વધુ એક જિલ્લા પંચાયત પ્રમુખની ભેટ આપી છે. અગાઉ કોંગ્રેસે રાજુભાઈ પારઘીને જિલ્લા પંચાયત પ્રમુખ બનાવ્યા હતા તેના ઉપરથી જ બંન્ને રાજકીય પક્ષો માટે ભિલોડા વિધાનસભા વિસ્તારનું શું મહત્વ છે તે સમજી શકાય છે.

### જિલ્લામાં ભાજપનું કદ વધ્યું, બાયડ તાલુકાને કારોબારી અધ્યક્ષ, પક્ષના નેતાના પદ મળ્યા..

અરવલ્લી જિલ્લામાં બાયડ તાલુકાનું કદ વધી રહ્યું છે. ભાજપે બાયડ તાલુકા પંચાયતની બેઠક બિનહરીફ થયા પછી તેની ભેટ તાલુકાની પ્રજાને આપી હોય તેમ કારોબારી અધ્યક્ષ તરીકે બાયડ તાલુકાના ગાબટ જિલ્લા પંચાયત સદસ્ય જીતેન્દ્રભાઈ રમણભાઈ પટેલને કારોબારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે. જ્યારે પૂર્વ ધારાસભ્ય ઉદેસિંહ ઝાલાના વિષ્ણુપ્રસાદ ઝાલાને પક્ષના નેતા તરીકે નિયુક્ત કર્યા છે.

જ્યારે કારોબારી ચેરમેન તરીકે જીતેન્દ્રભાઈ રમણભાઈ પટેલ(ગાબટ, તા.બાયડ), પક્ષના નેતા વિષ્ણુપ્રસાદ ઉદેસિંહ ઝાલા(ચોઈલા, તા.બાયડ), દંડક કાશીબેન પ્રતાપભાઈ સોલંકીની નિયુક્તિ કરવામાં આવી હતી. ભાજપે ચૂંટાયેલા તમામ ૨૫ સભ્યોને મતદાન યોજાય તે પૂર્વે વ્હીપ જારી કર્યો હતો.




જિલ્લા પંચાયતમાં કબજો મેળવવા ભાજપ-કોંગ્રેસ દ્વારા સામાન્ય ચૂંટણી જાહેર થઈ ત્યારથી તમામ તાકાત કામે લગાડી હતી. ભાજપની અદ્‌ભૂત રણનીતિ સામે કોંગ્રેસે ઘૂંટણો ટેકવી હતી. એક તબક્કે ડેમાઈ જિલ્લા પંચાયતના કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ પરત ખેંચી ભાજપનો ભગવો ધારણ કરતાં કોંગ્રેસમાં હડકંપ મચ્યો હતો. જ્યારે સાઠંબા થી ભિલોડાના ઘાંટી સુધીના વિસ્તારમાં ઠેર ઠેર ભાજપનું જોર વધતાં પરિણામ જાહેર થયું જેમાં ૩૦ માંથી ૨૫ બેઠકો ઉપર ભાજપના સભ્યો ચૂંટાયા હતા. કોંગ્રેસને માત્ર ૫ બેઠકથી સંતોષ માનવો પડ્યો હતો. પ્રથમથી જ ભિલોડા તાલુકામાં પ્રમુખ પદની ભેટ મળી શકે છે તેવી સંભાવના હતી. તા.૧૭ના રોજ અરવલ્લી જિલ્લા પંચાયત સભાખંડમાં પ્રમુખ-ઉપપ્રમુખ માટે ચૂંટણી યોજાતાં ભાજપના બંન્ને ઉમેદવારોનો વિજય થયો હતો.

# ...આ તો ભાજપમાં જ શક્ય છે, અનાજ દળતી મહિલાને પ્રમુખ પદ

## હિંમતનગર પાલિકામાં ભાજપાના પ્રમુખ-ઉપપ્રમુખ બિનહરીફ માત્ર ચાર બેઠક ધરાવતી કોંગ્રેસે ઉમેદવારી કરવાનું ટાળ્યું

બાયડ, હિંમતનગર તા.૧૭ હિંમતનગર પાલિકામાં ભાજપનો ભગવો લહેરાયા પછી બુધવારે પ્રમુખ-ઉપપ્રમુખ માટે ચૂંટણી યોજાઈ હતી જેમાં અનાજ દળતી અને કરીયાણાની દુકાન ચલાવતા યતિનબેન મોદી પ્રમુખ, અમૃતભાઈ બાબુલાલ પુરોહીત ઉપપ્રમુખ પદે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. એક સામાન્ય પરિવારની મહિલાને ભાજપે પ્રમુખ પદે નિયુક્ત કરતાં સમગ્ર નગરમાં ખુશાલી છવાઈ છે. આ તો માત્ર ભાજપમાં જ શક્ય બને તેવું વિપક્ષના આગેવાનોએ પણ સ્વીકાર્યું છે. ૩૬ પૈકી માત્ર ૪ બેઠક ધરાવતી કોંગ્રેસે ઉમેદવારી કરવાનું ટાળ્યું છે.

જિલ્લામાં અત્ર, તત્ર સર્વત્ર..ભાજપનું કમળ ખિલતાં જિલ્લાના મજરા થી પોશીના સુધી ભાજપ..જ..ભાજપ છવાયું હતું. ચૂંટણી પરિણામો જાહેર થયા પછી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને મુદત પૂર્ણ કરતી પાલિકાઓમાં પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની નિયુક્તિ માટે રાજ્ય ચૂંટણી આયોગના નિર્દેષ અનુસાર તા.૧૭ના રોજ અધ્યાસી અધિકારીઓની નિયુક્તિ પછી ચૂંટણી યોજવામાં આવી હતી. હિંમતનગર નગરપાલિકાના સભાખંડમાં પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે ચૂંટણી યોજાઈ જેમાં ભાજપે તમામ સભ્યોને વ્હીપ આપી મેન્ડેટ આપ્યું છે તેવા ઉમેદવારને મત આપવા જણાવ્યું હતું પરંતુ કોંગ્રેસે ઉમેદવારીપત્ર રજૂ ન કરતાં ભાજપે મેન્ડેટ આપ્યા હતા તેવા બંન્ને ઉમેદવારો પ્રમુખ-ઉપપ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે. જ્યારે શહેરના જ્ઞાતિગત સમીકરણોને ધ્યાને રાખી કારોબારી ચેરમેન, પક્ષના નેતા અને દંડકની નિયુક્તિ કરવામાં આવી છે.



# મોડાસા તાલુકા પંચાયત પ્રમુખ તરીકે બિપીનભાઈ પટેલ, ઉપપ્રમુખ હીનાબેન ચૌહાણ બિનહરીફ




મોડાસા તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી બુધવારે યોજાઈ જેમાં પ્રમુખ તરીકે ભાજપના બિપીનભાઈ પટેલ વિજયી થયા હતા. જ્યારે ઉપપ્રમુખ તરીકે એકમાત્ર ભાજપનાં હીનાબેન લાલસિંહ ચૌહાણનું ઉમેદવારીપત્ર રજૂ થયું હોવાથી તેમને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. મોડાસા તાલુકા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાતાં જિલ્લા અને તાલુકા ભાજપ સંગઠને પ્રમુખ-ઉપપ્રમુખ સહિત અન્ય પદાધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ધનસુરા તાલુકા પંચાયતમાં દંડક તરીકે વિણાબેન પટેલની નિયુક્તિ, કારોબારી ચેરમેન તરીકે રૂપલબેન બ્રહ્મભટ્ટ

ધનસુરા તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ પદની ચૂંટણી બુધવારે યોજાઈ જેમાં ભાજપે તમામ ચૂંટાયેલા સભ્યોને વ્હીપ જારી કર્યો હતો. પ્રમુખ તરીકે કિરણબા તખતસિંહ પરમાર અને ઉપપ્રમુખ તરીકે બિનહરીફ અમૃતભાઈ ખેતાભાઈ પટેલ ચૂંટાઈ આવ્યા હતા.

જ્યારે કારોબારી ચેરમેન તરીકે રૂપલબેન અતુલભાઈ બ્રહ્મભટ્ટ, પક્ષના નેતા તરીકે ભલાભાઈ ચંદુભાઈ ખાંટ અને દંડક તરીકે આકરૂન્દ તાલુકા પંચાયત બેઠક ઉપરથી ચૂંટાયેલાં વિણાબેન



વિનોદભાઈ પટેલની નિયુક્તિ કરાતાં આકરૂન્દ પંથકમાં ખુશાલી છવાઈ છે.

# વિધાનસભા ચૂંટણી મુખ્ય લક્ષ : બાયડ પાલિકામાં તમામ સમાજને સાચવતો ભાજપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ બાયડ નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની નિયુક્તિ સાથે બાયડ પાલિકામાં તમામ સમાજને ભાજપે સાચવ્યાનો સૂર સાંભળવા મળ્યો છે. વર્ષ-૨૦૨૨માં યોજાનારી ઉપર સૌની મીટ મંડાઈ હતી. સટ્ટા બજારથી માંડી મતદારોમાં પણ પ્રથમ દિવસથી ભાજપ હોટ ફેવરીટ રહ્યું હતું. ઝૂંપડપટ્ટીથી માંડી સોસાયટી વિસ્તાર અને બાયડ ગામ તેમજ આસપાસનાં પરાં વિસ્તારોમાં ભાજપને સ્પષ્ટ બહુમતી સાથે સત્તામાં સત્તાધિશોની બેદરકારીથી સમસ્યાઓનો પહાડ ખડકાયો છે આ સંજોગોમાં સૌ પ્રથમ ઉભરાતી ભૂગર્ભ ગટરના ત્રાસમાંથી પ્રજાને મુક્તિ આપવાનો પ્રયાસ થશે તદ્‌ઉપરાંત ટ્રાફીક સમસ્યા અને નાના ધંધાર્થીઓ માટે કાયમી યોગ્ય



વિધાનસભા સામાન્ય ચૂંટણી મુખ્ય લક્ષ્ય છે. ચૂંટાયેલા હોદ્દેદારોએ બાયડનગરમાં ભ્રષ્ટાચાર મુક્ત, સ્વચ્છ અને પારદર્શક વહીવટની પ્રજાને પ્રોમીશ આપી છે. બાયડ પાલિકા વિસ્તારમાં ભાજપનો જે રીતે જનાધાર વધ્યો છે તે જોતાં પ્રજાની અપેક્ષાઓ અનેક ગણી વધી જે પરીપૂર્ણ કરવા માટે તમામ પ્રયાસ થશે તેમ પસંદ કરાયેલા તમામ હોદ્દેદારોએ જણાવ્યું છે.

નગરપાલિકાના ચૂંટણી જંગ લાવવાનું મતદારોએ મન બનાવ્યું હતું. પરિણામ જાહેર થતાં ૨૪ માંથી ૧૭ બેઠક મેળવી ભાજપે બાયડ પાલિકામાં ઈતિહાસ રચ્યો છે. હવે બાયડ પાલિકામાં ચૂંટાયેલા ભાજપના સભ્યોએ બાયડના વિકાસ માટે પ્રથમ દિવસથી પ્રયત્નશીલ બનવું પડશે. પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષીએ જણાવ્યું હતું કે બાયડ પાલિકામાં અગાઉના વિકલ્પ પણ વિચારવાનું અગ્ર સ્થાને છે. સોસાયટીઓમાં પૂરતા પ્રેશરથી પાણી મળે, લોકો મોટરનો ઉપયોગ બંધ કરે તેમજ રખડતા મૂંગા પશુઓના ત્રાસમાંથી પ્રજાને કેવી રીતે રાહત થાય તે અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે. જ્યારે બાયડ પાલિકામાં અગાઉના સત્તાધિશોએ કરેલી ભરતી બાબતે પણ ક્યાંક ને ક્યાંક આક્રોશ જોવા મળ્યો છે આ મુદ્દે પણ વર્તમાન શાસકોએ યોગ્ય નિર્ણય કરવા રહ્યા.

# શામળાજીની ધી જનતા શરાફી મંડળીમાં વિકાસ પેનલનો ભવ્ય વિજય

## સંજય ગાંધી સહિતના ડિરેક્ટરોની ભવ્ય જીત

ભિલોડા તાલુકાના શામળાજીની ધી જનતા શરાફી મંડળીના ડિરેક્ટરો માટે ચૂંટણી ડિરેક્ટરોની વિજય સરઘસ નિકળતાં તેમાં મોટી સંખ્યામાં સભાસદો અને ગ્રામજનો જોડાયા હતા. વહીવટના કારણે સભાસદો અને મતદારોનો વિશ્વાસ અકબંધ હતો. વિકાસ પેનલ અને પરીવર્તન પેનલ



રવિવારે યોજાઈ હતી જેમાં વિકાસ પેનલના તમામ ઉમેદવારો બહુમતીથી જીત્યા હતા. પરીવર્તન પેનલનું ફીડલું વળ્યું હતું. જેમાં સમાજ સેવક અને પત્રકાર સંજય ગાંધીનો ૪૨૧ મતથી પ્રચંડ વિજય થયો હતો. વિજયી થયેલા

સારાં કામ કરો એટલે કોઈની પાસે મત માંગવા જવું ન પડે. શામળાજી પંથકના વેપારીઓ, પ્રજાજનો માટે વિશ્વાસનું પ્રતિક બનેલી ધી જનતા શરાફી મંડળીના ડિરેક્ટરો માટેની ચૂંટણી આવી. છેલ્લા ૧૧ વર્ષથી સ્વચ્છ અને પારદર્શક વચ્ચે જંગનું મંડાણ થયું પરંતુ પ્રથમ દિવસથી જ વિકાસ પેનલનો ભવ્ય વિજય થશે તેવું જોવા મળ્યું હતું જેમાં પરિણામ જાહેર થતાં પરીવર્તન પેનલનાં સૂપડાં સાફ થઈ ગયાં અને વિકાસ પેનલનો દમદાર વિજય થતાં પંથકમાં ખુશાલી છવાઈ છે.

# બાયડ નગરપાલિકાની નબળી વેરા વસુલાતથી પ્રાદેશિક કમિશનરની કચેરીનું તેડું

## માત્ર ૩૨ ટકા વેરા વસુલાત, ચીફ ઓફીસર સહિત કર્મચારીઓ ગાંધીનગર પહોંચ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

બાયડ નગરપાલિકાની ઓછા વેરા વસુલાતથી સ્વભંડોળ ઉપર અસર પડી છે. વેરા વસુલાત કેમ નબળી થઈ..?? તે મુદ્દે બાયડ પાલિકાના ચીફ ઓફીસર સહિત કર્મચારીઓને પ્રાદેશિક કમિશનર-ગાંધીનગરનું તેડું આવતાં તેઓ બુધવારે ગાંધીનગર પહોંચ્યા છે. ૪ દિવસ અગાઉ ગાંધીનગર સમાચારમાં બાયડ નગરપાલિકાની તિજોરી તળીયા ઝાટક, માત્ર રૂા.૨ લાખનું બેલેન્સ..ના અહેવાલ પ્રસિદ્ધ થયા હતા જેની ગંભીર નોંધ લીધા પછી પ્રાદેશિક કમિશનરની કચેરીનું તેડું આવ્યું હોવાનું મનાય છે..!!

બાયડ પાલિકાના સામાન્ય ચૂંટણી જંગમાં ભાજપનું સ્ટીમ રોલર ફરી વળતાં સર્વત્ર ખુશાલી છવાઈ છે. ગત રોજ પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની નિયુક્તિ થયા પછી એકાદ-બે દિવસમાં વિધિવત રીતે ચાર્જ સંભાળી શકે છે. ત્યારે બાયડ નગરપાલિકાના ચીફ ઓફીસરે વેરા વસુલાતમાં ગંભીરતા દાખવી નથી જેના કારણે માત્ર ૩૨ ટકા જેટલી વેરા વસુલાત આવી છે અને રૂા.દોઢ કરોડથી વધુની વસુલાત બાકી છે. ડ-વર્ગમાં સમાવિષ્ટ બાયડ પાલિકામાં અધધ વેરા બાકી હોવાથી સ્વભંડોળને માઠી અસર પહોંચી છે અને નવા ચૂંટાયેલા હોદ્દેદારો માટે પ્રથમ દિવસથી જ ફાઈનાન્સિયલ મોટા પડકાર ઉભા થઈ શકે છે. ત્યારે એકાએક વેરા વસુલાત મુદ્દે બાયડ પાલિકાના ચીફ ઓફીસર સહિતના કર્મીઓને પ્રાદેશિક કમિશનર કચેરીનું તેડું આવતાં આ મુદ્દો સમગ્ર બાયડ પાલિકા વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# ઈડર તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી

ઈડર તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે બુધવારે બપોરે ઈડર તાલુકા પંચાયતના સભા હોલમાં પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપે મેન્ડેડ આપી દરામલી બેઠકના હર્ષાબેન વણકર અને ઉપપ્રમુખ દેશોત્તર બેઠકના કાંતિભાઈ પટેલને મેદાને ઉતાર્યા હતા. જ્યારે કોંગ્રેસ પક્ષના પ્રમુખ તરીકે સવિતાબેન વણકર અને ઉપપ્રમુખ તરીકે મહિપાલસિંહ રાઠોડ ઉમેદવારી નોંધાવતા ચૂંટણી અધિકારીએ હાથ ઊંચા કરી બહુમતીથી ભાજપના પ્રમુખ તરીકે વર્ષાબેન વણકર અને ઉપપ્રમુખ માટે પણ બે ઉમેદવાર હોવાથી કાંતિભાઈ પટેલની વરણી કરાઈ હતી.



જ્યારે પ્રમુખ-ઉપ પ્રમુખ ચુંટાઈ આવતા ભાજપના કાર્યકરોએ વિજયનો શંખનાદ સાથે ફટાકડાની આતશબાજી કરી હતી. આજે તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીને લઈને તાલુકા પંચાયત કચેરી ખાતે જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ભાજપ દ્વારા તમામ ૧૭ સદસ્યોની વહીપ જાહેર કરવામાં આવ્યો હતો.




# માલપુર તાલુકા પંચાયતના પ્રમુખ પદે સંજય પટેલ

માલપુર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે છેલ્લા ૨૦ વર્ષથી ભાજપને સાથ આપનાર અને સક્રિય કાર્યકર સંજયભાઈ પટેલની નિમણૂક કરાઈ, માલપુર તાલુકાના પ્રમુખ તરીકે સંજયભાઈ ડાયાભાઈ પટેલ જેઓ તાલુકાની સાતરડા સીટ ઉપર થી ચુંટાઈ આવેલ છે, છેલ્લા ૨૦ વર્ષથી ભાજપમાં રહીને યુવા મોરચાના વિવિધ હોદ્દાઓ જેવા કે મંત્રી, મહામંત્રી, અને પ્રમુખ તરીકે રહી પ્રામાણિક અને પારદર્શક વહીવટ કરતા હોઈ ભાજપના સક્રિય કાર્યકર તરીકે સેવા કરીને પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી છે, અગાઉ ૨૦૧૦ થી ૨૦૧૫ મા માલપુર તાલુકાના પ્રમુખ તરીકે રહી તાલુકાની સેવા કરી હતી, માલપુર તાલુકામાં બીજીવાર પ્રમુખ બનાવવામાં આવેલ છે, ઉપ-પ્રમુખ તરીકે રાજુભાઈ રણછોડભાઈ મારીવાડની બિનહરીફ વરણી કરવામાં આવી છે, અરવલ્લી જિલ્લા અને તાલુકાના ભાજપના મોટાભાગના કાર્યક્રમોમાં તેમની અચૂક હાજરીની નોંધ લેવાતી હતી.

# જિલ્લામાં હોળીનું પર્વ નજીક આવતાં બજારોમાં ચહલ પહલ

## "જેમ'' પ્રસંગની ખરીદીથી વેપારીઓ હરખાયા : કાપડ, વાસણ, ઝવેરી બજારમાં તેજી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ હોળીનું પર્વ નજીક આવતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના બજારોમાં ગ્રાહકોની ચહલ પહલ વધી છે. કોરોના કાળમાં ઠપ્પ થયેલા ધંધા-રોજગારો માટે આગામી હોળી-ધુળેટીનું પર્વ નવી ચેતના લઈને આવતાં વેપારીઓ હરખાયા છે. આજના આધુનિક યુગમાં પણ જેમ નું મહત્વ અકબંધ રહેતાં જેમ પ્રસંગની ખરીદી માટે બજારોમાં ગ્રાહકો ઉમટવા લાગ્યા છે. ખાસ કરીને કાપડ તેમજ વાસણ બજારમાં વધુ ઘરાકી નિકળી છે. જે પરિવારમાં પુત્રનો જન્મ થયો હોય તેના ઘેર સગા સબંધીઓને તેડાવી જેમ (ઢુંઢ) પ્રસંગ ઉજવાય ત્યારે કોઈને કોઈ ભેટ સોગાદ આપવામાં આવતી હોય છે. હોળીના તહેવારને આડે ૧૨ દિવસ બાકી રહેતાં જેમ પ્રસંગોની ખરીદી નવી રોનક જોવા મળી રહી છે.



દર વર્ષે આવતા ધાર્મિક તહેવારો અને ઉત્સવો દોડધામ ભરી જીંદગીમાં માનવીને નવી ચેતના આપવાની સાથે ધંધા-રોજગારોને પણ નવું ઈંજણ મળતું હોય છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ હાવિ થઈ ગયા પછી લૉકડાઉન અને ત્યાર પછી અનલૉકમાં સરકારે છૂટછાટો આપી હોવા છતાં બજારમાં હમણાં સુધી મંદીનો માહોલ જોવા મળી રહ્યો હતો. હોળી-ધુળેટીનું પર્વ નજીક આવતાં બજારોમાં નવો ઉત્સાહ પ્રવર્તિ રહ્યો છે. ખજૂર, ધાણીના ઢગ ખડકાવાની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં અઢળક જેમ પ્રસંગ ઉજવાવાના હોવાથી વસ્ત્રો તેમજ વાસણ ખરીદવા માટે ધીરે ધીરે ગ્રાહકોની ભીડ વધી રહી છે. જ્યારે કોરોના સંક્રમણમાં ધંધા-રોજગારો ચોપાટ થવાથી બેહાલ થયેલા વેપારીઓએ હોળીના પર્વને ધ્યાનમાં રાખી દુકાનોમાં અગાઉથી પૂરતો સ્ટોક ખડકી દીધો છે. હોળી-ધુળેટીના પર્વને આડે ૧૨ દિવસનો સમય બાકી રહ્યો છે જેથી ગ્રામ્ય વિસ્તારની પ્રજા ખરીદી અર્થે તાલુકા મથકોએ ઉમટતાં બાયડ, ધનસુરા, મોડાસા, ભિલોડા, વિજયનગર, માલપુર, મેઘરજ, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ખેડબ્રહ્મા, ઈડર, વડાલી સહિતના મથકોએ તમામ બજારોમાં ગ્રાહકોની ચહલ પહલમાં વધારો થયો છે. બજારોમાં સારી ઘરાકી નિકળતાં વેપારીઓ હરખાઈ ઉઠ્યા છે. જીવન જરૂરીયાતની તમામ ચીજવસ્તુઓમાં ભાવ વધારો ઝીંકાયો હોવા છતાં જેમ પ્રસંગ સાચવવા માટે ગ્રાહકો વિના સંકોચે ખરીદી કરતા નજરે પડી રહ્યા છે.